# J. CHANDRAKANT & COMPANY

Arthik Bhavan(Ground Floor), Gondal Road, Near Bombay Petrol Pump, Rajkot – 360 002, Gujarat (INDIA), Phone: (O) (0281) 2239730, TeleFax: (O) (0281) 2223872, E-mail: jesico2010@gmail.com, Web: www.jesico.com

Fieldmarshal® AGRO PRODUCTS JESICO


## હોરીઝોનટલ એરકૂલ્ડ એન્જીન FM170/FM175 માટે ગ્રાહકને પ્રાથમીક સુચનો

૧) એન્જીન એરકુલ તથા હાઈસ્પીડ હોવાથી હવા મળે તેવી જગ્યાએ રાખીને ચલાવવું.

૨) એન્જીનને ક્રોકીંટ અથવા લાકડાના ફાઉન્ડેશન કે ટ્રોલી (બેઝ ફ્રેમ)પર વાઈબ્રેશન ન આવે તે રીતે ફીટ કરી ચલાવવું.

૩) એન્જીન પંપસેટ ચાલુ કરતા પહેલા એન્જીનની ઓઈલ ચેમ્બરમાં તથા પંપની ઓઈલ ચેમ્બરમાં 'ફિલ્ડમાર્શલ' પંપસેટ ઓઈલ ભરવું.

- ➢ એન્જીનમાં ઓઈલ ગેજના ઉપરની નીશાની સુધી ઓઈલ ભરવું (અંદાજે ૭૫૦ થી ૧૦૦૦ મીલી) જયારે પંપમાં અડધી ચેમ્બર ખાલી રહે તેટલુ ઓઈલ ભરવું (અંદાજે ૨૦૦ થી ૨૫૦ મીલી)
- ➢ એન્જીનનું હેડકવર ખોલી ત્યાં વાલ્વ રોકર તથા વાલ્વ ગાઈડને પણ ઓઈલ લગાવવું.

૪) એન્જીનની ફયુલટેંકમાં ચોખ્ખુ ડીઝલ ભરવુ તથા ઉપરનુ ઢાંકણુ વ્યવસ્થીત બંધ કરવું.

૫) ફયુલ કોકને ખૂલ્લી સ્થિતી (OPEN Position) માં રાખવું.

૬) ફયુલ પાઈપમાં હવા હોય તો ફયુલપંપના વેન્ટ વાલ્વને સ્ક્રુડ્રાઈવરથી ઢીલો કરી પરપોટા દૂર થાય ત્યાર પછી ફરી ટાઈટ કરવો.

૭) સ્પીડ કંટ્રોલ લીવર (લાલ કલરની દટ્ટી)ને ઉપરની તરફ (RUN Position) રાખી ટાઈટ કરવું.

૮) એન્જીન શરૂ કરતી વખતે ડીકંમ્પ્રેસર લીવરને ડાબા હાથ વડે ઉપર તરફ પકડી રાખી જમણા હાથે હેન્ડલ લગાવવું તથા એન્જીન શરૂ થતા જ તુરંત ડીકંમ્પ્રેસર લીવરને છોડી દેવું તથા એક–બે આંટા વધુ ફેરવ્યા બાદ હેન્ડલ કાઢવું.

૯) એન્જીન શરૂ થતાની સાથે જ સ્પીડ કંટ્રોલ લીવરને બંધ સ્થિતી (STOP Position) પર લાવવુ પછી ફરી તુરંત વચ્ચેની સ્થિતી (MIDDLE Position) પર રાખી લાલ કલરની દટ્ટી ટાઈટ કરવી.

૧૦) એન્જીન બંધ કરવા માટે સ્પીડ કંટ્રોલ લીવરને બંધ સ્થિતી (STOP Position) પર લાવવું તથા ફયુલ કોકને પણ બંધ સ્થિતી (CLOSE Position) લાવવું.

૧૧) એન્જીનને દર ૪ કલાકે ઠંડુ કરવા ૧૦ મીનીટ માટે બંધ કરવું તથા એન્જીનને દર ૮ કલાકે બંધ કરી ઓઈલ તથા ડીઝલ ચેક કરી જરૂરીયાત મુજબ ફરી ભરી લેવું.

૧૨) જયારે એન્જીનને લાંબા સમય માટે વાપરવાનું ન હોય તો ઓઈલ અને ડિઝલ કાઢી નાખવા તથા એર કલીનર કાઢી એન્જીનમાં ઓઈલ નાંખી વ્હીલને થોડો સમય ફેરવી TDC [ “0” માર્કીગ ] પર રહે તેમ રાખવું.

૧૩) એન્જીનની સાફ–સફાઈ કરી પ્લાસ્ટીકથી ઢાંકી દેવું.

**આ ઉપરાંત એન્જીનની સાર સંભાળ, તકલીફ દુર કરવાના ઉપાય જેવી બાબતો માટે ઈન્સ્ટ્રકશન મેન્યુલ (અંગ્રેજી ભાષામાં) એન્જીન તથા પંપસેટ સાથે આપેલ છે તેમજ જરૂર જણાય ત્યારે ડીલર કે કંપનીનો ફોન કે પત્ર દ્વારા સંપર્ક કરવો.**




® is Registered Trademark of P. M. Diesels Pvt. Ltd. – Rajkot